**કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના વૈજ્ઞાનિકશ્રીઓ તાંત્રિક મંજૂરી આપવા માટે સક્ષમ હોઈ તે અંગેની સત્તા આપવા માટેની મંજૂરી આપવા બાબત...**

## -: જાહેરનામું :-

આથી સંબંધકર્તા સર્વેને જાણ કરવામાં આવે છે કે, તા.૨૬/૦૨/૨૦૨૧ના રોજ વર્ચુઅલ બેઠકના રૂપમાં મળેલ વિસ્તરણ શિક્ષણ પરિષદની બારમી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૧૨.૮થી નીચેની વિગતે ઠરાવ કરેલ છે, જેનો અમલ તાત્કાલીક અસરથી કરવાનો રહેશે.

**"દક્ષિણ ગુજરાતના જે તે જિલ્લાઓમાં આવેલ એજન્સીઓ, સ્વૈછિક સંસ્થાઓ (NGO)ને વિવિધ વિભાગોમાં યોજનાઓ માટેની દરખાસ્ત (Project proposal) મુકવા માટે તાંત્રિક મંજૂરી આપવા માટે જે તે જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં ફરજ બજાવતા વિષય નિષ્ણાંત વૈજ્ઞાનિકશ્રીઓ સક્ષમ હોઈ દરખાસ્ત વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત મોકલવા માટે વિસ્તરણ શિક્ષણ પરિષદના સભ્યશ્રીઓ સર્વાનુમતે મંજૂરી આપે છે."**

જા.નં. નકૃયુ/વિશિનિ/વિશિપ-૧૨/ટી-૧/વેબ-૦૨(૧)/૨૦૨૧
નવસારી તા. ૨૫/૦૫/૨૦૨૧

વિસ્તરણ શિક્ષણ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

<u>નકલ સવિનય રવાના પ્રતિ</u> :

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.
૨. વિસ્તરણ શિક્ષણ પરિષદના તમામ સભ્યશ્રીઓ તરફ જાણ થવા સારું.
૩. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારું.

<u>નકલ જયભારત સહ રવાના પ્રતિ</u> :

૧. તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ થવા સારું.
૨. વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, નવસારી/વ્યારા/વઘઈ/દેડીયાપાડા/સુરત તરફ જાણ તથા અમલ થવા સારું.

**પ્રાકૃતિક ખેતી / ગાય આધારિત ખેતીમાં ઉપયોગમાં લેવામાં આવતી વિવિધ બનાવટોનું Testing અને Validation યુનિવર્સિટી દ્વારા કરવા માટેની મંજૂરી આપવા બાબત...**

## —: જાહેરનામું :—

આથી સંબંધકર્તા સર્વેને જાણ કરવામાં આવે છે કે, તા.૨૬/૦૨/૨૦૨૧ના રોજ વર્ચ્યુઅલ બેઠકના રૂપમાં મળેલ વિસ્તરણ શિક્ષણ પરિષદની બારમી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૧૨.૧૧થી નીચેની વિગતે ઠરાવ કરેલ છે, જેનો અમલ તાત્કાલીક અસરથી કરવાનો રહેશે.

**"દક્ષિણ ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી / ગાય આધારિત ખેતીમાં ઉપયોગમાં લેવામાં આવતી વિવિધ બનાવટોનું Testing અને Validation નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળના સેન્દ્રિય ખેતી વિભાગ દ્વારા કરવામાં આવે તે અંગેનો આ મુદ્દો તથા અન્ય સંશોધનના મુદ્દાઓ પરિષદમાં ન મુકતા માન. કુલપતિશ્રીના ધ્યાને લાવી વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી સીધા જ સંશોધન કેન્દ્રો/ વિભાગોને જણાવે તે માટે વિસ્તરણ શિક્ષણ પરિષદના સભ્યશ્રીઓ સર્વાનુમતે મંજૂરી આપે છે."**

જા.નં. નકૃયુ/વિશિનિ/વિશિપ–૧૨/ટી–૧/વેબ–૦૨(૨)/૨૦૨૧
નવસારી તા. ૨૫/૦૫/૨૦૨૧

વિસ્તરણ શિક્ષણ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**<u>નકલ સવિનય રવાના પ્રતિ</u> :**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.
૨. વિસ્તરણ શિક્ષણ પરિષદના તમામ સભ્યશ્રીઓ તરફ જાણ થવા સારું.
૩. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારું.

**<u>નકલ જયભારત સહ રવાના પ્રતિ</u> :**

૧. તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ થવા સારું.
૨. તમામ સંશોધન કેન્દ્રો/ વિભાગોના વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારું.